ગુજરાતમિત્ર

ગતિવિધિ

ભારતીય સેના અને આઇ.આઇ.ટી ગાંધીનગર વચ્ચે સમજૂતી કરાર પર હસ્તાક્ષર

વડોદરા : નવીનતા અને ટેકનોલોજીકલ પ્રગતિને પ્રોત્સાહન આપવા તરફના એક મહત્વપૂર્ણ પગલામાં, ભારતીય અને ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી (આઇ.આઇ.ટી) ગાંધીનગરે સંશોધન, વિકાસ અને શૈક્ષણિક આદાનપ્રદાનમાં સહયોગને મજબૂત કરવા માટે ઈ.એમ.ઈ.સ્કૂલ વડોદરા ખાતે એક સમજૂતી કરાર (MOU) પર હસ્તાક્ષર કર્યો હતો. મેજર જનરલ મોહિત ગાંધી, કમાન્ડર ઈ.એમ.ઈ.સ્કૂલ વડોદરાએ ભારતીય સેના વતી તા.4, નવેમ્બરના રોજ આઇ.આઇ.ટી.ગાંધીનગરના ડાયરેકર પ્રોફસર રજત મૂના સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

વારસિયા ગુરુદ્વારામાં ગુરુનાનકજીના 556માં પ્રકાશ ઉત્સવની ઉજવણી પર્વે વિવિધ કાર્યક્રમો



વડોદરા : ગુરુ નાનક જયંતિ એ શીખ સમુદાયના લોકોનો મહત્વપૂર્ણ તહેવાર છે. આ તહેવાર ગુરુ નાનક દેવજીની જન્મજયંતિના અવસર પર ઉજવવામાં આવે છે. ગુરુ નાનક દેવજીના 556માં પ્રકાશ પર્વ નિમિત્તે શહેરના વારસિયા વિસ્તારમાં આવેલા ગુરુદ્વારા ખાતે છેલ્લાં ત્રણ દિવસથી વિવિધ ધાર્મિક કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત આજે વારસિયા સ્થિત ગુરુદ્વારામાં પ્રભાતફેરી, કીર્તન, ભજન અને લંગરનું આયોજન કરવામાં આવ્યું છે.

વડોદરામાં એક્સ-સર્વિસમેન માટે રોજગાર ભરતી મેળો

વડોદરા : મદદનીશ નિયામક, રોજગાર કચેરી વડોદરા તથા જીલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, વડોદરાના સંયુક્ત ઉપક્રમે તા. ૦૭ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, સૈનિક કુમાર છાત્રાલય ભવન, ન્યુ સમા રોડ ક્રોસીંગ, છાણી રોડ, વડોદરા ખાતે માત્ર એક્સ-સર્વિસમેન ઉમેદવારો માટે રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી મેળામાં વિવિધ કંપનીઓના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહીને ઓફિસર, સિક્યુરિટી ઓફિસર, સિક્યુરિટી ગાર્ડ, ઓફિસ વર્ક અને ઓપરેશન મેનેજર જેવી વિવિધ કેટેગરીની કુલ લગભગ ૧૦૦ જેટલી ખાલી જગ્યાઓ માટે સીધી ઈન્ટરવ્યુ પ્રક્રિયા હાથ ધરશે. ભરતી મેળામાં ભાગ લેતા ઉમેદવારોને પોતાના ૫ (પાંચ) બાયોડેટા/રિઝ્યુમ, ડિસ્ચાર્જ બુક, પી.પી.ઓ.ની નકલ, એક્સ-સર્વિસમેન આઈ.કાર્ડ તથા પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ સાથે સ્વખર્ચે ભરતી મેળાના સ્થળે સમયસર હાજર રહેવું રહેશે.

78મા વાર્ષિક નિરંકારી સંત સમાગમનો ભવ્ય શુભારંભ

વડોદરા : આત્મમંથન એક અંદરની યાત્રા છે. તેને માત્ર ચંચળ મન અને બુદ્ધિના સ્તરે નક્કી કરી શકાતું નથી. આ માટે પોતાના અંદર આધ્યાત્મિક રૂપમાં મંથન કરવાની જરૂર છે.'' આ ઉદ્‌ગારો સદગુરુ માતા સુદીક્ષા જી મહારાજે ૩૧, ઑક્ટોબરથી ૩ નવેમ્બર સુધી ચાલનારા ૭૮મા વાર્ષિક નિરંકારી સંત સમાગમના પહેલા દિવસે માનવતાના નામે પોતાનો પાવન સંદેશ આપતાં વ્યક્ત કર્યા હતા. સદ્‌ગુરુ માતા સુદીક્ષાજી મહારાજ અને નિરંકારી રાજપિતા રમિતજીની પાવન છત્રછાયામાં આયોજિત આ ચાર-દિવસીય સંત સમાગમમાં આખા ભારતવર્ષ અને વિદેશોમાંથી લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુ ભક્તો સંમિલિત થઈને સમાગમનો ભરપૂર આનંદ પ્રાપ્ત કરી રહ્યા છે.સદ્‌ગુરુ માતાજી એ આગળ કહ્યું કે દરેક માનવની અંદર અને બહાર એક સત્ય નિવાસ કરે છે, જે સ્થિર અને શાશ્વત છે. આ જ સત્યને પહેલા જાણવું પડશે. જ્યારે મનુષ્યને દરેકની અંદર આ સત્યના દર્શન થશે તો પછી તેના મનમાં બધા પ્રત્યે પ્રેમનો ભાવ ઉત્પન્ન થશે. વાસ્તવમાં પરમાત્માએ મનુષ્યને આ રીતે જ બનાવ્યો છે જેથી તેના મનમાં પ્રેમ ભાવની પ્રાથમિકતા હોય, પરંતુ અજ્ઞાનતાને કારણે મનુષ્ય નફરત કરવાના કારણો શોધી લે છે.

ચૂંટણી શાખામાં કામગીરીનું મોનિટરિંગ

BLO દ્વારા ખાસ સઘન સુધારણાના 13 હજાર ફોર્મનું વિતરણ કરાયું

કલેક્ટર ડો. અનિલ ધામેલિયા દ્વારા વડોદરા શહેરના અને પાદરા મતવિસ્તારની મુલાકાત લઇ કર્યું નિરીક્ષણ

(પ્રતિનિધી) વડોદરા, તા.4

ભારતના ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલા મતદાર યાદીના ખાસ સઘન સુધારણા કાર્યક્રમનો પ્રારંભ થયો છે. પ્રથમ દિવસે બૂથ લેવલ ઓફિસર દ્વારા ઘરે ઘરે ગણતરી ફોર્મ વિતરણ કર્યું હતું અને સાંજે ચારેક વાગ્યા સુધીમાં અંદાજે ૧૩ હજાર જેટલા ફોર્મ વિતરિત કરવામાં આવ્યા હતા. કલેક્ટર ડો. અનિલ ધામેલિયાએ ફોર્મ વિતરણ કામગીરીનું નિરીક્ષણ કરવા માટે વડોદરા શહેર અને પાદરાના કેટલાક વિસ્તારોમાં પહોંચ્યા હતા.

કલેક્ટર ડો. અનિલ ધામેલિયા અને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી ડો. સુહાની કેલૈયાએ વડોદરા શહેરના માંજલપુર, અકોટા મત વિસ્તારમાં મતદાર ગણતરી ફોર્મની વિતરણની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. ત્યાર બાદ પાદરાના વિસ્તારોની પણ મુલાકાત લઇ કામગીરી નિહાળી હતી. મતદારો સાથે સંવાદ સાધીને તેમણે ખાસ સઘન સુધારણા કાર્યક્રમની સમજ આપી હતી. વડોદરા શહેર અને જિલ્લામાં બીએલઓ દ્વારા ગણતરી ફોર્મ વિતરણ કામગીરીનું મોનિટરિંગ ચૂંટણી શાખામાં કરવામાં આવી રહ્યું છે. પ્રથમ દિવસે ચાર વાગ્યા સુધીમાં ૧૩ હજાર જેટલા ફોર્મનું વિતરણ બીએલઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

27 હજારથી વધુ હેક્ટર વિસ્તારની સર્વેની કરવાની કામગીરી પૂર્ણ કરાઇ

(પ્રતિનિધી) દાહોદ, તા.4

દાહોદ જિલ્લામાં પડેલા માવઠાના કારણે જિલ્લાના ખેડૂતોને થયેલા પાક નુકસાનીનો તાગ મેળવવા માટે ખેતીવાડી વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જિલ્લા પ્રશાસન દ્વારા સર્વેની કામગીરી માટે ૧૧૦ જેટલી ટીમોનું ગઠન કરવામાં આવ્યું છે. આ વિવિધ ટીમોએ ખેતરોમાં જઈને પાકને થયેલી નુકસાનીનું નિરીક્ષણ કરી સર્વે કરવામાં આવ્યો હતો. માવઠાને કારણે ખેડૂતોના માથે આવી પડેલી આપત્તિના સમયે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ વ્હારે આવ્યા છે. તેમણે આ નુકસાનીનો તત્કાલીક સર્વે કરવા માટે સૂચનાઓ આપી હતી. જેના પગેલે ખેતીવાડી વિભાગ દ્વારા યુદ્ધના ધોરણે સર્વેની કામગીરી શરૂ કરવામાં આવી છે. જિલ્લા ખેતીવાડી અધિકારી પી.આર. દવે દ્વારા કમૌસમી વરસાદના પરિણામે દાહોદ જિલ્લામાં ડાંગર, સોયાબીના પાકને નુકસાનના સર્વે બાબતે તમામ ટીમો સાથે સંકલનમાં રહી તમામ ગામોને સર્વે હેઠળ આવરી લઈ ૨૭,૦૦૦થી વધુ હેક્ટર વિસ્તારની સર્વેની કરવાની કામગીરી પૂર્ણ કરી છે. આ સર્વેનો મુખ્ય ઉદ્દેશ્ય વરસાદથી પાકને નુકસાન થયું હોય તેવા તમામ નુકસાનગ્રસ્ત ખેડૂતોને સચોટ આંકલન બાદ રાજ્ય સરકારની નીતિ મુજબ ઝડપથી સહાય મળી શકે તે છે. સર્વે પૂર્ણ થયા બાદ તાત્કાલિક ધોરણે રાજ્ય સરકારને રિપોર્ટ સુપરત કરાશે.

અરજીઓ માટે કેટલીક માર્ગદર્શિકાઓ પણ નક્કી કરાઇ

જનસંપર્ક કાર્યક્રમ હેઠળ તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ

સેવાકીય, કોર્ટમેટર, રહેમરાહે નોકરી અને પેન્શન સિવાયના પ્રશ્નો જ સ્વીકારવામાં આવશે

કાર્યક્રમનો મુખ્ય હેતુ નાગરિકોના પ્રશ્નોનું સરળ અને ન્યાયિક રીતે નિરાકરણ લાવવાનો

(પ્રતિનિધી) વડોદરા, તા.4

મુખ્યમંત્રીના જનસંપર્ક કાર્યક્રમ હેઠળ સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તાલુકા કક્ષાએ યોજાશે. આ કાર્યક્રમ સામાન્ય રીતે દર મહિનાના ચોથા બુધવારે યોજાતો હોય છે, પરંતુ આ વખતે ચોથા બુધવારે જાહેર રજા હોવાથી મંગળવાર, તારીખ ૨૬ નવેમ્બેર, ૨૦૨૫ના રોજ સવારે ૧૧:૦૦ કલાકથી કાર્યક્રમ પૂર્ણ ન થાય ત્યાં સુધી યોજાશે.

નાગરિકોએ તેમની સમસ્યાઓ અંગેની અરજીઓ લેખિતમાં તારીખ ૧૦ નવેમ્બેર, ૨૦૨૫ સુધીમાં તાલુકા મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રીટની કચેરીઓમાં રૂબરૂમાં રજૂ કરવાની રહેશે. અરજી પર તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ એવું સ્પષ્ટ દર્શાવવાનું રહેશે. નિયત તારીખ સુધીમાં મળેલી અરજીઓનો જ ચાલુ માસના કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં સ્વીકારવામાં આવનારી અરજીઓ માટે કેટલીક માર્ગદર્શિકાઓ નક્કી કરવામાં આવી છે. ગ્રામ કક્ષાના પ્રશ્નો માટે અરજદારે પહેલા ગ્રામપંચાયત, તલાટી-કમ-મંત્રી કે ગ્રામસેવકને અરજી કરેલી હોવી જોઈએ અને તે અનિર્ણિત હોવી જોઈએ.

અત્રે ઉલ્લેખનિય છે કે, તાલુકા કક્ષાના પ્રશ્નો માટે તાલુકાના જવાબદાર અધિકારીને પહેલા લેખિતમાં રજૂઆત કરેલી હોવી જોઈએ અને તે અનિર્ણિત હોવી જોઈએ. કાર્યક્રમમાં માત્ર ગ્રામ અને તાલુકા કક્ષાએ નિર્ણય લઈ શકાય તેવા પ્રશ્નો જ સ્વીકારવામાં આવશે. કોર્ટમેટર થયેલા પ્રશ્નો સ્વીકારવામાં આવશે નહીં. અરજદારે જાતે રૂબરૂ પોતાના પ્રશ્નના આધાર-પુરાવા સાથે રજૂઆત કરવાની રહેશે.

વકીલ કે અન્ય વ્યક્તિ દ્વારા રજૂઆત કરાવી શકાશે નહીં. દરેક અરજદાર માત્ર એક જ વિષયને લગતી રજૂઆત કરી શકશે. અત્રે ઉલ્લેખનિય છે કે, આ કાર્યક્રમમાં સેવાકીય, કોર્ટમેટર, રહેમરાહે નોકરી અને પેન્શન સિવાયના પ્રશ્નો જ સ્વીકારવામાં આવશે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ નાગરિકોના પ્રશ્નોનું સરળ અને ન્યાયિક રીતે નિરાકરણ લાવવાનો છે.

જિલ્લા સ્વાગત ફરિયાદ કાર્યક્રમ માટે 10મી સુધીમાં અરજી મોકલવી

(પ્રતિનિધી) વડોદરા, તા.4

મુખ્યમંત્રીના જનસંપર્ક કાર્યક્રમ હેઠળ સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ આગામી ૨૭ નવેમ્બેર, ૨૦૨૫ના રોજ યોજાશે. આ કાર્યક્રમ ચોથા ગુરુવારે સવારે ૧૧:૦૦ કલાકથી શરૂ થશે અને પૂર્ણ ન થાય ત્યાં સુધી ચાલશે.

નાગરિકોએ પોતાની ફરિયાદો લેખિતમાં ૧૦ નવેમ્બેર, ૨૦૨૫ સુધીમાં રજૂ કરવાની રહેશે. અરજી પર જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ એવું સ્પષ્ટ દર્શાવવાનું રહેશે. નિયત તારીખ સુધીમાં મળેલી અરજીઓનો જ ચાલુ માસના કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે.આ કાર્યક્રમમાં સેવાકીય, કોર્ટમેટર, રહેમરાહે નોકરી અને પેન્શન સિવાયના પ્રશ્નો રજૂ કરી શકાશે. અરજીઓ સ્વીકારવા માટે નિયત માપદંડો નક્કી કરવામાં આવ્યા છે. લાંબા સમયથી પડતર પ્રશ્નો અંગે જ અરજી કરી શકાશે. અરજદારે પહેલા સંબંધિત કચેરીમાં અરજી કરેલી હોવી જોઈએ અને તે અનિર્ણિત હોવી જોઈએ. જિલ્લા કક્ષાના પ્રશ્નો માટે જિલ્લાના જવાબદાર અધિકારીને કરેલી રજૂઆતની નકલ સાથે અરજી કરવાની રહેશે. કાર્યક્રમમાં રજૂ થતા પ્રશ્નો જિલ્લા કક્ષાએ નિર્ણય લઈ શકાય તેવા હોવા જોઈએ અને કોર્ટમેટર થયેલ ન હોવા જોઈએ. અરજદારે જાતે રૂબરૂ પોતાના પ્રશ્નના આધાર-પુરાવા સાથે રજૂઆત કરવાની રહેશે.

ઇંડિયન બૈંક Indian Bank ALLAHABAD | **ઝોનલ ઓફિસ સુરત : ૧૦૧-૧૦૨, ત્રીજો માળ, વેસ્ટ ફિલ્ડ સ્કેવર, સુરત-૩૯૫૦૦૭**

ઈ-હરાજી વેચાણ નોટિસ સ્થાવર મિલકતોના વેચાણ માટે (જુઓ પ્રોવિસો નિયમ ૮(૬)) એનેક્ષર-II | Bank Website | E-Auction Website

ધી સીકયુરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શીયલ એસેટસ્ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ,૨૦૦૨, જેને સીકયોરીટી ઈન્ટરેસ્ટ (એનર્ફોસમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના નિયમ ૮(૬) ની જોગવાઈ સહિત વંચાણે લેતા નીચે જણાવેલ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી. આથી જાહેર જનતા ને સાધારણ રીતે અને નીચે જણાવેલ કરજદાર(રો) અને જામીનદાર(રો) ને વિશેષ રીતે જણાવવાનું કે નીચે મુજબની સ્થાવર મિલકતો ઈંડિયન બેંક પાસે ગિરવે રાખેલ / ચાર્જ કરેલ છે. જે સ્થાવર મિલકતોનો સાંકેતિક /પ્રત્યક્ષ કબજો ઈંડિયન બેંક ના અધિકૃત અધિકારી દ્વારા લઈ લેવામાં આવેલ છે. સિકયોર્ડ ક્રેડિટર દ્વારા જે તમામ ને ''જેમ છે જયાં છે અને જેવી છે તેવી છે'' ના ધોરણે તારીખ 26/11/2025 ના રોજ નીચે જણાવેલ ખાતાઓ પાસે લેવાની રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે. કરજદારો/જામીનદારો/મિલકતો/અનામત કિમંત/ઈએમડી અને ઈ-ઓકશનની તારીખની વિગતો નીચે મુજબ છે.

ક્રમ નં.	શાખા	કરજદાર/જામીનદારો/મોર્ગેજરોના નામ	તા.૨૯/૧૦/૨૦૨૫ ના રોજ કુલ બાકી	ડિમાન્ડ નોટીસની તારીખ	સાંકેતિક / પ્રત્યક્ષ કબજા હેઠળની સ્થાવર મિલકતનું ચતુઃ દિશા સહિતનું વર્ણન તેમજ અન્ય બોજા ની વિગત, જો કોઈ હોય તો.	કબજાનો પ્રકાર	અનામત કિંમત / ઈએમડી (In Rs.)	મિલકતનો ID નંબર.	અધિકૃત અધિકારીનું નામ અને મો.નં.
૧.	અડાજણ	(૧) શ્રીમતિ હેતલબેન રમેશભાઈ પ્રજાપતિ (કરજદાર / મોર્ગેજર) (૨) શ્રી રાણા હિરાલાલ કરમોકર (જામીનદાર)	રૂા.૨૬,૪૬,૦૬૧.૫૪	૦૬/૦૨/૨૦૨૫	તમામ ભાગ અને હિસ્સો ધરાવતો ઉપર પ્લોટ નં. બી-૧૧ (મંજૂરી યોજના મુજબ) (કે.જે.પી. મુજબ બ્લોક / પ્લોટ નં. ૨૫૨/બી/૧૧), જે સોસાયટીનું નામ ''અસ્તાન લેકવ્યુ'' સ્થિત અસ્તાન, બારડોલી, જમીન (૧)બ્લોક નં. ૨૫૩ માપ ૨૪૨૮.૦૦ ચો.મીટર્સ. (૨) બ્લોક નં.૨૫૪ માપ ૧૨૧૪.૦૦ ચો.મીટર્સ. (૩) બ્લોક નં. ૨૫૫ માપ ૧૩૨૧ ચો.મીટર્સ. અને (૪) બ્લોક નં. ૨૫૨ માપ ૩૨૭૦.૦૦ ચો.મીટર્સ. પૈકી પૂર્વિય ભાગનું માપ ૧૯૧૭.૦૦ ચો.મીટર્સ. = કુલ માપ ૭૨૮૦.૦૦ ચો.મીટર્સ. ગામઃ અસ્તાન, તાલુકોઃ બારડોલી, જિલ્લોઃ સુરત, , ગુજરાત. પ્લોટ વિસ્તારનું માપ ૧૦૫૫.૨૫ ચો.ફૂટ એટલે કે ૧૧૭.૨૫ ચો.યાર્ડ એટલે કે ૯૮.૦૩ ચો.મીટર્સ. + માર્જીન સહિતનું માપ ૩૬૦.૦૧ ચો. ફૂટ. એટલે કે ૩૩.૪૫ ચો.મીટર્સ. + અવિભાજીત પ્રમાણસર હિસ્સા સહિતનું માપ ૩૨.૦૧ ચો.મીટર્સ. કોમન રસ્તો અને સીઓપી સહિત જમીનમાં = ૧૬૩.૪૯ ચો.મીટર્સ.	પ્રત્યક્ષ	14,58,000/- / 1,45,800/-	IDIB30589331799	Mr. Tikendra Verma (M) 9131718982
૨.	ભરૂચ	(૧) શ્રી ઠક્કર મૌલેશભાઈ મહેન્દ્રભાઈ (કરજદાર અને મોર્ગેજર), (૨) શ્રીમતિ મીનાબેન મૌલેશભાઈ ઠક્કર (સહ-કરજદાર) (૩) શ્રી અક્ષયકુમાર મહેન્દ્રભાઈ (જામીનદાર)	રૂા.૭,૬૨,૭૮૦.૭૫	૦૯/૧૦/૨૦૨૪	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી ફ્રી હોલ્ડ સ્થાવર મિલકત (ફ્લેટ) સ્થિત ફ્લેટ નં. એફ- ૫૦૪, ''ધર્મનંદન રેસીડેન્સી'', પાંચમો માળ,(સુપર બિલ્ટપ વિસ્તાર) માપ ૫૬.૬૯ ચો.મીટર્સ, તેને લાગતા તમામ સાધનો સહિત સ્થિત જમીનનો રેવન્યુ સર્વે નં. ૨૩૪-૩ પૈકી પ્લોટ નં. ૧ થી ૮, મોજેઃ સારંગપુર, તાલુકોઃ અંકલેશ્વર, જિલ્લોઃ ભરૂચ. જે શ્રી ઠક્કર મૌલેશભાઈ મહેન્દ્રભાઈ ના નામની મિલકત. ચતુર્દિશાઃ ઉત્તરેઃ ફ્લેટ નં. એફ-૫૦૩, દક્ષિણેઃ સોસાયટીનો આંતરિક રસ્તો, પૂર્વેઃ સોસાયટીનો આંતરિક રસ્તો, પશ્ચિમેઃ પેસેજ અને ફ્લેટ નં. એફ-૫૦૧.	પ્રત્યક્ષ	6,92,100/- / 69,210/-	IDIB30160094719	Mr. Rajendra Kumar Meena (M) 9945790204
૩.	ભરૂચ	(૧) શ્રી ખેમ રાજ પટેલ (કરજદાર અને મોર્ગેજર), (૨) શ્રીમતી ગીતા પટેલ (કરજદાર અને મોર્ગેજર)	રૂા.૧૧,૧૨,૦૧૭.૭૦	૧૧/૦૧/૨૦૨૩	તમામ ભાગ તથા હિસ્સા ધરાવતી ફ્રી હોલ્ડ રહેઠાણ લાયક બિલ્ડીંગ જે પ્લોટ નં-૩૧ માપ પર.૦૪ યોરસ મીટર જે સ્ટાર લેક સીટી તરીકે જાણીતી જમીન જેની સાથે જમીન ઉપરની તમામ સુવિધાઓ સહિત સ્થિત જમીનનો રેવન્યુ સર્વે નં.૭૮૮,નવો સર્વે નં. ૧૭, ગામ-જોતાલી, તાલુકા- અંકલેશ્વર, જીલ્લા- ભરૂચ, ગુજરાત રાજ્યની હદમાં સ્થિત છે. જે શ્રી ખેમ રાજ પટેલ અને શ્રીમતી ગીતા પટેલ ના નામની. જેની ચતુઃદિશા- ઉત્તરેઃ આંતરિક રસ્તો, દક્ષિણેઃ પ્લોટ નં. ૩૨, પૂર્વેઃ પ્લોટ નં. ૫૦, પશ્ચિમેઃ આંતરિક રસ્તો.	પ્રત્યક્ષ	8,33,400/- / 83,340/-	IDIB0215972S02	Mr. Rajendra Kumar Meena (M) 9945790204
૪.	ભરૂચ	(૧) શ્રી વિજયભાઈ હીરાલાલ રાય (કરજદાર અને મોર્ગેજર), (૨) શ્રીમતી ગૌરીબેન વિજયભાઈ રાય	રૂા.૧૦,૫૩,૧૪૮.૮૪	૧૧/૦૧/૨૦૨૩	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી ફ્રીહોલ્ડ રહેઠાણલાયક બિલ્ડીંગ જે મિલકત જી-ભરૂચ, સબ-જી. ભરૂચ, મોજે મકતમપુર, રેસ. નં.૧/૧ અને ૧/૨ સ્થિત વિસ્તાર માપ ૪૯૫૯.૦૦ પૈકી ૧૩૪૦.૦૦ ચો.મીટર્સ, સહજાનંદ એન્કવેવ, એ,બી,સી બિલ્ડીંગ, એ બિલ્ડીંગ, બી બિલ્ડીંગ, ૧ લો માળ, ફ્લેટ નં. ૧૦૧ બિલ્ટ અપ એરીયા ૩૦.૦૭ ચો.મીટર્સ.	પ્રત્યક્ષ	9,83,700/- / 98,370/-	IDIB0215972A01	Mr. Rajendra Kumar Meena (M) 9945790204
૫.	ભરૂચ	(૧) શ્રી અબ્દુલ હલીમ અખ્તર સીદ્દીકી (કરજદાર) (૨) શ્રીમતિ શેહનાઝ બેગમ હાલીન શેખ (કરજદાર અને મોર્ગેજર)	રૂા.૧૪,૨૪,૫૬૧.૩૯	૧૧/૦૧/૨૦૨૩	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી ફ્રી હોલ્ડ રેહઠાણલાયક બિલ્ડીંગ જે સ્થિત પ્લોટ નં. ૩૧, સિલ્વર સીટી, ગ્રીન સીટી નજીક, અંકલેશ્વર, જીઆઈડીસી, જીતાલી રોડ, મોજેઃ જીતાલી, રેવન્યુ સર્વે નં. ૧૧૩ પૈકી, ગ્રીન સીટી, પ્લોટ નં. ૩૧, એરીયાનું માપ ૪૩.૪૯. જે શ્રીમતિ શેહનાઝ બેગમ હાલીન શેખ ના નામે. ચતુઃદિશાઃ ઉત્તરેઃ સોસાયટીનો ૭.૫૦ મીટર રોડ, દક્ષિણેઃ પ્લોટ નં. ૨૦, પૂર્વેઃ પ્લોટ નં. ૩૨, પશ્ચિમેઃ પ્લોટ નં. ૩૦.	પ્રત્યક્ષ	9,10,800/- / 91,080/-	IDIB0215972M02	Mr. Rajendra Kumar Meena (M) 9945790204
૬.	ભરૂચ	(૧) શ્રીમતી લક્ષ્મી અનિલકુમાર દુબે (કરજદાર અને મોર્ગેજર) (૨) શ્રી અનિલકુમાર દુબે (કરજદાર અને મોર્ગેજર) (૩) શ્રી સંજય પાસવાન જે રામ જતન ના પુત્ર (જામીનદાર)	રૂા.૧૫,૯૧,૧૪૬.૮૫	૦૭/૦૪/૨૦૨૧	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી ફ્રી હોલ્ડ સ્થાવર મિલકત (જમીન અને બિલ્ડીંગ) સ્થિત પ્લોટ નં. ૩૧ (જૂના પાસ થયેલ પ્લાન મુજબ) અને પ્લોટ નં. ૩૧- ડી (બદલાયેલ પ્લાન અને વાસ્તવિક સાઈટ મુજબ), શ્યામ સુંદર રેસીડેન્સી, પ્લોટ માપ ૩૬.૫૯ ચો.મીટર્સ. જે સ્થિતજમીનનો રેવન્યુ સર્વે નં. ૧૮૨, જૂનો પ્લોટ નં. ૩૧ પૈકી, મોજે : ગડખોલ, તાલુકોઃ અંકલેશ્વર, જિલ્લોઃ ભરૂચ, ગુજરાત રાજ્ય.	પ્રત્યક્ષ	8,37,900/- / 83,790/-	IDIB0215972702	Mr. Rajendra Kumar Meena (M) 9945790204
૭.	ભટાર	(૧) શ્રી ચમનલાલ વર્દીલાલજી પ્રજાપત (કરજદાર/મોર્ગેજર), (૨) શ્રીમતી ચંદાબાઈ ચમનલાલ પ્રજાપત (સહ-કરજદાર)	રૂા.૨૪,૭૫,૯૫૧.૬૭	૧૬/૦૪/૨૦૨૧	તમામ હક્ક અને હિસ્સો ધરાવતી સ્થાવર ફ્રી હોલ્ડ સ્થાવર રહેણાંક ફ્લેટ નં.- ઓ-૨૦૧, બ્રીજો માળ, બિલ્ડીંગ નં. - ઓ, (એફ- ટાઈપ) શ્રી રાધાપુરમ રેસીડેન્સી, વરેલી ગામ પંચાયત પાસે, મોજે-વરેલી, રે.સ. નં. ૧૨૧, બ્લોક નં. ૧૨૦/૧, તાલુકા-પલસાણા, જી. સુરત. જે શ્રી ચમનલાલ વર્દીલાલજી પ્રજાપત ના નામની મિલકત.	પ્રત્યક્ષ	8,20,800/- / 82,080/-	IDIB0211661101	Mr. Chintu Kumar (M) 8884882422
૮.	ફતેહગંજ	(૧) શ્રીમતિ નેહા મોહમ્મદ હનીફસૈયદ (કરજદાર અને મોર્ગેજર), (૨) શ્રી હનીફસૈયદ (જામીનદાર)	રૂા.૧૭,૯૬,૧૭૫.૨૯	૧૦/૦૧/૨૦૨૫	રહેણાંક મિલકત સ્થિત પ્લોટ નં. સી-૧૮, ''મીમ સીટી'', રેવન્યુ સર્વે નં. ૭૦/૧, પૈકી જૂનો બ્લોક નં. ૪૭, ડભોઈ તાલુકા , જિલ્લોઃ વડોદરા. જેની ચતુર્દિશાઃ ઉત્તરેઃ પ્લોટ નં. સી-૮, દક્ષિણેઃ ૭.૫૦ મીટર પહોળો રસ્તો, પૂર્વેઃ પ્લોટ નં. સી-૧૭, પશ્ચિમેઃ પ્લોટ નં. સી-૧૯.	પ્રત્યક્ષ	14,21,100/- / 1,42,110/-	IDIB30468897425	Mr. Rameshwar Lal Prajapat (M) 7568507016
૯.	કારેલી બાગ	(૧) શ્રીમતી કલામ્બે પ્રિતી (કરજદાર/મોર્ગેજર) (૨) શ્રી કલામ્બે સચીન વિષ્ણુભાઈ (સહ-કરજદાર/મોર્ગેજર)	રૂા.૨૧,૬૬,૭૭૭.૬૨	૧૦/૦૯/૨૦૨૪	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી રહેઠાણ મિલકત ફ્લેટ નં. જે/૫૦૨, ટાવર-જે, પાંચમો માળ, ''કિસ્ટલ ચઝ્ઝપરૂપ ફ્લેટ'' માપ ૪૬૩ ચો.ફૂટ (આશરે કારપેટ વિસ્તાર), રેવન્યુ સર્વે નં. ૯૫૫, ટી.પી. ૬૦, ફા.પ્લોટ નં. ૯૩. જે કોલાબા ટેકનોલોજીસ પાછળ સ્થિત, ગોત્રી-સેવશી રોડ, ગોત્રી, જિલ્લોઃ વડોદરા, ગુજરાત. જે શ્રીમતી કલામ્બે પ્રિતી અને શ્રી કલામ્બે સચીન વિષ્ણુભાઈ ના નામની મિલકત. જેની ચતુર્દિશાઃ ઉત્તરેઃ આઈ- ટાવર, દક્ષિણેઃ ફ્લેટ નં. જે ૫૦૩, પૂર્વેઃ સામાન્ય સુવિધાઓ, પશ્ચિમેઃ ખુલ્લુ ટેરેસ.	પ્રત્યક્ષ	15,20,100/- / 1,52,010/-	IDIB3345816378	Ms. Indu Bineesh (M) 9867024780
૧૦.	ન્યુ અડાજણ	(૧) શ્રી તુલુ ભરત સ્વૈન (જામીનદાર અને મોર્ગેજર), (૨) શ્રીમતી પિંકિના તુલુ સ્વૈન (જામીનદાર/મોર્ગેજર)	રૂા.૧૦,૧૯,૧૪૬.૭૮	૨૩/૦૮/૨૦૨૩	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત ફ્લેટ નં. ૫૦૧, પાંચમો માળ, જગનાથ રેસીડેન્સી, યોગી દર્શન સોસાયટી સ્થિત, બ્લોક નં.૫૨૬ ના પ્લોટ નં.૨૧,૨૨,૨૩ અને ૨૪, પૈકી-૧ , રે.સર્વે નં.૫૨૫, યોગી વિલા રેસીડન્સી પાછળ, રૂદ્રાક્ષ રેસીડન્સી પાસે, ગામ :પલસાણા, સબ જીલ્લો પલસાણા, જી.સુરત સ્થિત છે. જેનું રજીસ્ટ્રેશન નં. ૧૬૫૯૧, તા.૧૩/૦૮/૨૦૧૮ ના રોજ થયેલ. જે શ્રી તુલુ ભરત સ્વૈન અને શ્રીમતી પિંકિના તુલુ સ્વૈન ના નામની મિલકત. જેની ચતુઃદિશા : ઉત્તરે : ખુલ્લી જગ્યા, દક્ષિણે : પેસેજ/લીફટ/દાદર/ફ્લેટ નં. ૫૦૬, પૂર્વે : ફ્લેટ નં. ૫૦૨, પશ્ચિમે : ખુલ્લી જગ્યા.	પ્રત્યક્ષ	5,76,000/- / 57,600/-	IDIB6819460524	Mr. Adhinarayan Thiagrajan (M) 7639365816
૧૧.	ન્યુ અડાજણ	(૧) શ્રી રાજેશ મલારામ પુણીયા (કરજદાર/ મોર્ગેજર) (૨) શ્રીમતિ સુમન દેવી (સહ-કરજદાર/ મોર્ગેજર)	રૂા.૧૬,૨૦,૭૧૯.૮૧	૧૦/૧૦/૨૦૨૨	પ્લોટ નં. ૨૨૪ માપ ૪૦.૦૪ ચો.મીટર્સ. સિદ્ધિ વિનાયક રે